# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૬૯. પૂ. હંસાબેન અમીન

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૪-૦૪-૧૯૫૧ |
| જન્મ સ્થળ | : | ગજેરા |
| મૂળ વતન | : | વીરસદ, બોરસદ |
| માતાનું નામ | : | પૂ. શારદાબેન |
| પિતાનું નામ | : | પૂ. રવજીભાઇ |
| ભાઇ | : | પૂ. શશીકાંતભાઇ, પૂ. પ્રવિણભાઇ |
| બહેન | : | પૂ. પુષ્પાબેન, પૂ. ઈલાબેન |
| મૂળ ધર્મ | : | વૈષ્ણવ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૭-૦૯-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૬૯ |
| કેન્દ્ર નંબર | : | ૬૧ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : સંબંધે સ્વરૂપ માની માહાત્મ્યેયુક્ત વિચાર, વાણી, વર્તન કરવા.**

ઘરમાં સ્વામિનારાયણ ધર્મની ખબર જ ન હતી. પણ મહારાજના વખતનું ચૈતન્ય હશે તેથી નાનપણથી હંસાબેનના ઘર પાસે વૈષ્ણવનું મંદિર

તેમાં ઉપર કૃષ્ણની મૂર્તિ તેથી એવી કલ્પના કરે કે પ્રભુના દરબારમાં સેવા કરવા મળે તો પ્રભુના દર્શન થાય, સેવા મળે. આમ દર્શન ને સેવાની જ ખેવના હતી તો તક મળતાં પ્રભુના દરબારમાં આવીને બેસી ગયાં. નાનપણથી ભગવાને દેહની પણ ખૂબ રક્ષા કરી. હંસાબેન ત્રણ ચાર વર્ષના હતાં ત્યારે કાંસકીવાળી ઉપાડી જતી હતી ત્યારે પણ રક્ષા થઇ ને પંદર સોળ વર્ષની ઉંમરે કાનખજૂરો કાનમાં ઘુસી ગયો ત્યારે પણ ભગવાને રક્ષા કરી ને સોળ વર્ષની ઉંમરે લલિતાફોઇનો જોગ થયો. મોટીબેન પુષ્પાબેનને પ.પૂ. તારાબેનનો જોગ મળ્યો. તેમની વાતથી હંસાબેનનું ચૈતન્ય પણ જાગૃત થયું. ને તારાબેન મળી ગયાં. ૧૯૬૮માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું ને જન્મોજનમના સુખિયા કરી દીધાં. ૧૯૬૯માં જ્યોતમાં કાયમ માટે પુષ્પાબેન સાથે આવી ગયાં.

અહીં આવ્યા પછી તારાબેને માસીબાની સેવામાં મૂક્યાં. તારાબેનનાં વચને અને બળે માસીબાની મૂક સેવક બની માસીબાની મરજી પ્રમાણે સેવા કરી તારાબેન, પપ્પાજી તથા સહુ સ્વરૂપોનો રાજીપો મેળવ્યો ને ન જીતાય તેવા દોષ જીતાય ગયા ને અંતરથી હળવા થઇ ગયાં.

એકવાર મંદિર પાસે તથા નવી જ્યોતની અગાશીમાં ચોર આવ્યા હતા કાંઇ ચોરી નહોતી થઇ પણ હંસાબેનને તેને લીધી બીક બહુ લાગતી. અને અંદરમાં ક્યારેક કોઇ મુક્ત સાથે સરખામણી રહેતી હતી. જે કાઢવા પપ્પાજીએ શિબિરનું આયોજન કર્યું. જેમાં આગળના આવેલાં આ બહેનો પાસે નવા નાના આવેલાં બહેનોએ લાભ લેવા જવાનું. આથી હંસાબેન પાસે પણ પાંચ બહેનો પાંચ દિવસ લાભ લેવા આવતાં. આમ આ બહેનોને પપ્પાજીનો અને ગુરૂઓનો મહિમા ગાય તો તેમણે પોતાનામાંથી બહાર આવવું પડે, તે કર્યું ને ત્યારથી તેમની બીક પણ નીકળી ગઇ અને સરખામણી પણ ગઇ જે ફરી ક્યારેય કોઇ મુક્ત સાથે થઇ નથી. ને તેમને થઇ ગયું પપ્પાજીની એકપણ ક્રિયા હેતુ વિનાની હોતી નથી.

હંસાબેનને થાય જે મને જન્મ લેવડાવે તેવી મારી વૃત્તિ તે તારાબેને કાઢી. તારાબેને પોતે મછિયાંના ફૈબા જેવી હઠ ગ્રહણ કરી મારામાંથી તે કાઢી જેને લીધે

અંતરમાં સુખ છે અને હાશ છે કે મારે ફરી જન્મ લેવો નહીં પડે. તેમણે પ્રીતિના અંગે સમજણેયુક્ત સાધના કરી.

માસીબા સ્વધામ પધાર્યા પછી હંસાબેને ઈલેક્ટ્રીકની ટુકડીમાં સેવા કરી. ખૂબ માહાત્મ્ય, ચોકસાઇ, ચીવટાઈથી દરેક સેવા કરે. મુક્તોનું ખૂબ માહાત્મ્ય સમજે. તે ઉત્સાહી પણ ખૂબ. નવું નવું કાંઈક કર્યા જ કરે અને નવું નવું શીખવાની પણ ધગશ એટલી. તબિયત સારી ન રહેવા છતાંય આજે પણ દરવાજો સાચવવાની સેવા કરે છે ને પોતે સદાય જાણપણારૂપ દરવાજે ઉભા જ રહે છે. અંતરમાં એવી ભાવના છે કે 'જ્યોતમાં ભગવાન ભજવા આવ્યા તે તો પાર પડ્યું, હવે એ મૂડી સાચવવા સંબંધવાળા પાસે અંતરથી રાંક રહી મહિમા સમજી જીવન જીવાય. ભગવાને બધું જ કૃપામાં કર્યું છે તો એનું ઋણ ચૂકવવા સંબંધવાળામાં તન-મનથી ખોવાયેલા રહી સુહૃદ બની જીવાય' એવી પ્રાર્થના નિત વહ્યા જ કરે છે.

એવા હંસાબેનને સહુ સાધકોની ભાવે વંદના!!!



## ૭૦. પૂ. કાંતાબેન પટેલ (આણંદ)

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. ડાહીબેન |
| પિતાનું નામ | : | પૂ. મણિભાઈ |
| ભાઈ | : | પૂ. વિનુભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. પ્રવિણભાઈ, પૂ. મધુભાઈ |
| બહેન | : | પૂ. કુસુમબેન, પૂ. શાંતાબેન |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | ધોરણ ૭ |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૨-૧૨-૧૯૭૦ |
| વ્રતધારણ દિન | : | ૧૪-૦૨-૧૯૭૦ |
| કેન્દ્ર નંબર | : | ૬૨ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : પાંચ ખાંસડા મારે તોય ખંખેરીને પાછા આવવું.**

પૂ.કાંતાબેનના ઘરમાં સ્વામિનારાયણ ધર્મ દાદાના વખતથી હતો જ. એવા સત્સંગી કુટુંબમાં કાંતાબેનનો જન્મ થયો. કાંતાબેનને નાનપણથી લગ્ન જ કરવા હતાં. ખૂબ શોખીન. જોગીબાપાએ વિનુભાઈને (મહંત સ્વામીને) સાધુ કર્યા એટલે ઘરમાં પૈસાની તકલીફ પડવા લાગી. જબલપુરમાં દૂધની ડેરી હતી તે જતી રહી. પછી તેઓ આણંદ રહેવા આવ્યા. શાસ્ત્રીજીમહારાજ,

યોગીજીમહારાજ આણંદ મંદિરમાં આવે ત્યારે કાંતાબેન સેવા કરવા જાય. દાદુકાકા મણિબેન (મધુભાઈના ઘરવાળા એટલે કાંતાબેનના ભાભી)ના ઘરે આણંદ આવતા તેથી તેમની પણ સેવા મળતી.

એ જ અરસામાં રમેશભાઈ (અક્ષરવિહારીસ્વામી) મુંબઈ ભણતા હતા તે ફેઈલ થયા ને વિદ્યાનગર કોલેજમાં ભણવા આવ્યા. તેઓ મણિબેનના ઘરે જતા હતા. તેમણે કાંતાબેનને કહ્યું કે, 'ભગાવન ભજો.' કાંતાબેન કહે, 'મારાથી ભજન, માળા ન થાય. આ કુસુમબેન ૩૦૦ માળા કરી શકે છે પણ મારાથી ન થાય. મારે તો લગ્ન જ કરવા છે પણ છોકરો ભણેલો, કમાતો, રૂપાળો ને મને તારદેવ જવા દે એવો હોવો જોઈએ.' કુસુમબેનને લગ્ન કરવા ન હતા. પ્રભુએ પ્રાર્થના સાંભળીને મુંબઈમાં દેવીબેનના ભાઈ સાથે કાંતાબેનના લગ્ન થયાં ને તેમના સંકલ્પ પ્રમાણે તેમને બધું જ મળ્યું.

દેવીબેનને ભગવાન ભજવા હતાં. દેવીબેન ઘરમાં આવે તો કાંતાબેનને ખૂબ આનંદ થાય, અંતરથી તેમના માટે લાગણી થાય. પણ ઘરમાં દેવીબેનનું સચવાય નહીં, તારદેવનું ઘસાતું બોલાય, દેવીબેન સાથે બોલવાનું નહીં, થાળી ઢાંકી રાખી હોય તેવું તેમને ખાવાનું આ બધું જોઈને કાંતાબેનને ખૂબ દુઃખ થાય. આથી દેવીબેન તેમને કહે કે, 'જુહુ પર બંગલો લઈને તમને રાખીશું ને મજા કરીશું.' પણ કાંતાબેન કહે કે, 'દેવીબેન તમે તારદેવ ભગવાન ભજવા જશો ને બીજા દિવસે હું જતી રહીશ. આ ઘરમાં મારે નથી રહેવું.' ને ખરેખર દેવીબેન તારદેવ ગયાં ને કાંતાબેન બીમાર પડ્યા ને એક નાની બેગ લઈને આણંદ એમના ઘરે પાછાં આવી ગયાં પછી સાસરે ગયાં જ નથી. આમ, સવા વર્ષ સાસરે રહ્યાં.

કાકાશ્રી આણંદ આવતા તેમણે પૂ. જ્યોતિબેનનો સમાગમ કરવાનું કહ્યું. કાશીબા સાથે ગોંડલ સેવા કરવા જતાં. એક વખત ગોંડલમાં મોટી લીંબોડી ઘસતાં હતાં ને જોગીબાપાની દ્રષ્ટિ પડી ને ભગવાન ભજવાનું નક્કી થયું. આણંદથી રોજ બપોરે ૨ થી ૫:૩૦ વિદ્યાનગર જ્યોતમાં સેવા કરવા આવે. જ્યોતિબેને સવિબેનનો સમાગમ કરવાનું કહ્યું. સવિબેને કથાવાર્તા, ભજન, જતનથી ભગવાન ભજવા માટેની દ્રઢતા કરાવી દીધી. ૧૯૭૦માં કાષાંબરી દીક્ષા આપી.

તેમના ભાઈએ તેમને રાજીખુશીથી વિદાય આપી ગાડી લઈને મૂકવા આવ્યા. ૧૯૭૪માં ગુરૂહરિ પપ્પાજીએ જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું.

તેમણે રસોડું, સફાઈ, મંદિરમાં સેવા કરી છે. રસોડામાં ઈમરજન્સી સેવા કરી માસીબાની ખૂબ પ્રસન્નતા લીધી. ઘણાં વર્ષો સુધી દરવાજો સાચવવાની સેવા કરી સ્વરૂપોની પ્રસન્નતા લઈ લીધી છે. પ્રપત્તિના અંગે સાધના કરી. અત્યારે દેહે કરીને સેવા નથી કરી શકતાં તેથી જ્યોતની બહેનો માટે મહાપૂજા કરી સૌને સાધનામાં આગળ જવાની હામ આપી રહ્યાં છે.

એવા કાંતાબેનને સહુ સાધકોની પાયવંદના !!!